**Notification**

***Under***

**The Code of Criminal Procedure, 1973.**

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ**

**જાહેરનામું**

**ગૃહ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨ જી જુલાઈ, ૨૦૧૪.

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.**

**ક્રમાંક : જીજી/૫૮/પીએસટી/૧૦(૨૦૦૩)/૧૦૬૭/વીઃ-** ગુજરાત રાજ્યને લાગુ પડતા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨ જા)ની કલમ ૨ ના ખંડ (ફ)થી મળેલી સત્તાની રૂએ, અને આ અર્થે બહાર પાડેલા તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા સ્થળો પૈકીના દરેકને, કોલમ (૩)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના મુખ્ય મથકો ધરાવતા પોલીસ સ્ટેશન તરીકે જાહેર કરે છે અને આદેશ કરે છે કે આવા દરેક પોલીસ સ્ટેશનમાં, નીચે જણાવ્યા પ્રમાણે, સદરહુ અનુસૂચિના કોલમ (૪)માં, સદરહુ પોલીસ સ્ટેશનની સામે નિર્દિષ્ટ કરેલા વિસ્તારોનો સમાવેશ થશેઃ-

**"અનુસૂચિ**

| અનુક્રમાંક | પોલીસ સ્ટેશન | મુખ્ય મથક | હકૂમતના વિસ્તારો |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩૪ | ૭ |
| ૧. | નાયબ પોલીસ અધિક્ષકની કચેરી, સીઆઈડી ક્રાઈમ, ગાંધીનગર ઝોન. | ગાંધીનગર | ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા. |
| ૨. | નાયબ પોલીસ અધિક્ષકની કચેરી, સીઆઈડી ક્રાઈમ, વડોદરા ઝોન. | વડોદરા | વડોદરા શહેર, વડોદરા ગ્રામ્ય, ભરૂચ, નર્મદા, પંચમહાલ, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર જિલ્લા. |
| ૩. | નાયબ પોલીસ અધિક્ષકની કચેરી, સીઆઈડી ક્રાઈમ, સુરત ઝોન. | સુરત | સુરત શહેર, સુરત ગ્રામ્ય, તાપી, ડાંગ-આહવા, નવસારી, વલસાડ જિલ્લા. |
| ૪. | નાયબ પોલીસ અધિક્ષકની કચેરી, સીઆઈડી ક્રાઈમ, અમદાવાદ ઝોન. | અમદાવાદ | અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, ખેડા, આણંદ જિલ્લા. |
| ૫. | નાયબ પોલીસ અધિક્ષકની કચેરી, સીઆઈડી ક્રાઈમ, રાજકોટ ઝોન. | રાજકોટ | રાજકોટ શહેર, રાજકોટ ગ્રામ્ય, મોરબી, ભાવનગર, બોટાદ, સુરેન્દ્રનગર, અમરેલી, જૂનાગઢ, જામનગર, પોરબંદર, ગીર-સોમનાથ, દેવભૂમિ દ્વારકા જિલ્લા. |
| ૬. | નાયબ પોલીસ અધિક્ષકની કચેરી, સીઆઈડી ક્રાઈમ, બોર્ડર (સરહદ) ઝોન (કચ્છ-ભૂજ). | કચ્છ-ભૂજ | પાટણ, બનાસકાંઠા, કચ્છ (પૂર્વ)-ગાંધીધામ, કચ્છ (પશ્ચિમ)- ભૂજ જિલ્લા". |

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**સી.બી.ભગત,**
સરકારના નાયબ સચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.